ક્રમાંક : જમન/૩૧/બ/૩૪૬૫-૬૭/૨૦૨૧-૨૨

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

એ-વીંગ, ૩ જો માળ, અરણ્યભવન,

સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તા.૨/૦૯/૨૦૨૧

**વિષયઃ** Diversion of 0.0570 ha. of Protected and Reserved Forest land of widening 7.00 mtr to 10.00 mtr of SH-172 Vyara-Bheskatri-Kalibel-Pimpri road km.00/000 to 06/800 Taluka-Waghai, District-Dang in Gujarat State.

**સંદર્ભઃ** મુખ્ય વન સંરક્ષકશ્રી, વલસાડના પત્ર ક્રમાંકઃ

(૧) અ/જમન/૧૪/૨૫૯-૬૦, તાઃ03/0૬/૨૦૨૧

(૨) અ/જમન/૧૪/૮૪૧-૪૨, તાઃ૧૮/૦૮/૨૦૨૧

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ R & B Division, આહવાની ૦.૦૫૭૦ હેક. ની રોડ વાઈડનીંગની દરખાસ્તમાં એનેક્ષર-૨૫ માં જણાવ્યા મુજબ માંગણીવાળો વિસ્તાર પૂર્ણા વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરીથી ૪.૨ કિમી. ના અંતરે આવેલ છે.

વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ મંજુરી માટેની દરખાસ્તોમાં અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાનની બાહ્ય હદથી ૧૦.૦૦ કિમી. સુધીમાં આવતો હોય એવા કિસ્સામાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું એનઓસી મેળવવાનું રહે છે. પ્રસ્તુત દરખાસ્તમાં ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનશ્રીનું એનઓસી મેળવવાનું થાય છે જેથી અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ જમન/ટે.૨૯/બ/૨૩૯૩-૨૪૬૨, તાઃ૧૮/૦૭/૨૦૨૦ તેમજ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃવપસ/ટે.૩૨/બ/૧૬૧૦, તાઃ૧૪/૦૭/૨૦૨૦ (નકલ સામેલ છે) થી આપવામાં આવેલ સુચના મુજબ ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનશ્રીના અભિપ્રાય અંગેની દરખાસ્ત માટેનું પત્રક તથા નકશો તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

(સહી)

(ડૉ. જયપાલ સિંહ)

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક

જમીન

ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,

મુખ્ય વન સંરક્ષકશ્રી,

વલસાડ

---

નં:-બ/જમન/૧૪/૩૯૭૦/૨૦૨૧-૨૨

વલસાડ તાઃ૦૩/૯/૨૦૨૧

નકલ રવાનાઃ- ના.વ.સં.શ્રી દક્ષિણ-ડાંગ આહવા તરફ જાણ તેમજ આપના વિભાગની ઉપરનાં વિષયની દરખાસ્તમાં ઉપસ્થિત થયેલ ક્વેરીની પુર્તતા કરી અત્રે સાદર કરવા વિનંતી છે.

(સહી)

મુખ્ય વન સંરક્ષક,

વલસાડ વર્તુળ, વલસાડ

ક્રમાંક : જમન/ટે.૨૯/બ/૩૯૩-૨૦૬૯/૨૦૨૦-૨૧

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય, એ-વીંગ, ૩ જો માળ, અરણ્યભવન,

સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તાઃ૧૮/૦૭/૨૦૨૦.

વિષયઃ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ઝનની પ્રપોઝલમાં વન્યજીવ સંરક્ષણ સબંધે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનો અભિપ્રાય આપવા અંગે.

સંદર્ભઃ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- વપસ/ટે.૩૨/બ/૧૬૧૦/૨૦૨૦-૨૧, તા.૧૪/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર તથા તેની સાથે સામેલ થઇ આવેલ પત્રક આ સાથે સામેલ રાખી તમામ વર્તુળ/વિભાગને ઇ-મેઇલ ધ્વારા મોકલવામાં આવે છે. જે ધ્યાને લઇ તેની તાત્કાલીક અમલવારી કરવા ખાસ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝનની દરખાસ્ત સાદર કરવામાં આવે છે તેમાં સબંધિત યુઝર એજન્સીનો માંગણી હેઠળનો વિસ્તાર અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાનની બાહ્ય હદથી ૧૦ કિ.મી. સુધીમાં આવતો હોઇ અથવા જે-તે અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાનના જાહેર થયેલા ઇકો-સેન્સેટીવ ઝોનના વિસ્તારમાં આવતો હોય તો તેવી તમામ દરખાસ્તોમાં વન્યજીવોના સંરક્ષણ સબંધે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો અભિપ્રાય મેળવવાનો રહે છે તેથી સબંધીત તમામ નાયબ વન સંરક્ષકશ્રી ધ્વારા સંદર્ભ દર્શિત પત્ર સાથેના સામેલ પત્રકમાં મુદ્દાવાર તમામ વિગતો આપવી તથા નકશામાં માંગણીવાળા સ્થળથી નજીકના અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાન વચ્ચેનું સીધુ અંતર દર્શાવી નકશો અધિકૃત કરી જે-તે નાયબ વન સંરક્ષકશ્રી ધ્વારા આ પત્રક તથા અધિકૃત કરેલ નકશો જે-તે દરખાસ્તમાં સામેલ રાખી દરખાસ્ત અત્રે સાદર કરવા વિનંતી છે.

સામેલ :- સંદર્ભ દર્શિત પત્રની નકલ બિડાણ સહ

(ડૉ. જયપાલ સિંહ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી તમામ,
વન સંરક્ષકશ્રી તમામ,
નાયબ વન સંરક્ષકશ્રી તમામ,
મદદનીશ વન સંરક્ષકશ્રી પેટા વિભાગ ભરૂચ તથા પેટા વિભાગ વેળાવદર

ક્રમાંકઃ વપસ/ટે.૩ર/બ/૬૬૨૦/૨૦૨૦-૨૧
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
વન્યજીવ શાખા, અરણ્યભવન,
બી-બ્લોક, પ્રથમ માળે, સેક્ટર – ૧૦/એ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા.૧૪.૦૭.૨૦૨૦

વિષયઃ વન સંરક્ષણ ધારો, ૧૯૮૦ હેઠળ ડાયવર્ઝનની પ્રપોઝલોમાં વન્યજીવ સંરક્ષણ સંબંધે ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડનનો અભિપ્રાય આપવા અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વન સંરક્ષણ ધારો, ૧૯૮૦ હેઠળ વનભુમિના ડાયવર્ઝનની પ્રપોઝલમાં ડાયવર્ઝનનો સુચિત વિસ્તાર અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાનની બાહ્ય હદથી ૧૦ કિ.મી. સુધીમાં આવતો હોય અથવા જે તે અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાનના ડીકલેર ઇકો સેન્સીટીવ ઝોન વિસ્તારમાં આવતો હોય તો વન્યજીવોના સંરક્ષણ સંબંધે ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડનનો અભિપ્રાય મેળવવા માટે જમીન શાખા તરફથી સિંગલ ફાઇલો નીચે સહી કરનારને રજુ કરવામાં આવે છે અને અત્રેથી યોગ્ય અભિપ્રાય આપવામાં આવે છે.

અત્રેના ધ્યાને ઉપર આવેલ છે કે, અમુક પ્રકરણોમાં અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાનની બાહ્ય હદથી અંતર તથા ઇકો સેન્સીટીવ ઝોનમાં આવે છે કે કેમ તે અંગેની વિગતો ઉપલબ્ધ હોતી નથી અથવા અધુરી વિગતો હોય છે. જેથી સિંગલ ફાઇલ ઉપર ઝડપી અભિપ્રાય આપી શકાતો નથી.

ઉપરાંત જે વિગતો ઉપલબ્ધ હોય છે તે અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાન સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા આપવામાં આવેલી હોતી નથી. આવા પ્રકરણોમાં કોઇ કાયદાકીય ગુંચ ઉભી ન થાય તે માટે તથા સિંગલ ફાઇલ ઉપર ઝડપી અભિપ્રાય આપી શકાય તે માટે વન સંરક્ષણ ધારા હેઠળ જમીન ડાયવર્ઝન માટેની દરખાસ્તોમાં વન્યજીવ સંરક્ષણ માટે અભિપ્રાય આપવા માટે આ સાથે સામેલ પત્રક પ્રમાણેની માહિતી વિભાગીય કક્ષાએથી જ દરખાસ્ત સાથે સામેલ રાખવાની વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

૩૧/૨૧-૩
૨૧-૮

૨૫૧
૧૫-૭-૨૦
૩૧/૨૧-૩/૨૧-૮

(શ્યામલ ટીકાદર) 15/7
અગ્ર મુખ્ય વન સંરક્ષક
વન્યપ્રાણી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન, ગુ.રા. ગાંધીનગર.

# પત્રક

## વન સંરક્ષણ ધારો, ૧૯૮૦ હેઠળ ડાયવર્ઝનની પ્રપોઝલોમાં વન્યજીવ સંરક્ષણ સંબંધે ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનો અભિપ્રાય આપવાની દરખાસ્ત માટેનું પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અરજદાર વ્યક્તિ/ સંસ્થા નામ તથા સરનામુ | | | | |
| ૨ | સ્થળની વિગત | તાલુકો | ગામ | સર્વે નંબર | વિસ્તાર (હે) |
| 3 | કામગીરી/ પ્રવૃતિ/ ઉપયોગનો સ્પષ્ટ હેતુ | | | | |
| ૪ | માગણીવાળું સ્થળ અભયારણ્ય/ રાષ્ટ્રીય ઉદ્યાનનો ભાગ છે ? | | | | |
| ૫ | રક્ષિત વિસ્તાર ફરતે ઇકો સેન્સેટીવ ઝોન જાહેર થયેલ છે ? | | | | |
| ૬ | માગણીવાળું સ્થળ સૂચિત ઇકો સેન્સેટીવ ઝોનમાં આવે છે. ? | | | | |
| ૭ | કેન્દ્ર સરકાર દ્વારા ઇકો સેન્સેટીવ ઝોન જાહેર કરેલ ન હોય તેવા કિસ્સામાં રક્ષિત વિસ્તારની હદથી ૧૦ કી.મી.ના વિસ્તારમાં માંગવાળા સ્થળનો સમાવેશ થાય છે ? | | | | |
| ૮ | માગણીવાળું સ્થળ અને વન્યજીવોના આવન-જાવનના અગત્યના માર્ગમાં આવે છે ? | | | | |
| ૯ | નજીકના નદી નાળા તથા કોતરથી કેટલા અંતરે આવેલ છે ? | | | | |
| ૧૦ | માંગણીવાળા સ્થળ અને નજીકના અભયારણ્ય/ રાષ્ટ્રીય ઉદ્યાન વચ્ચે અંતર દર્શાવતો સંબંધિત અભયારણ્ય / રાષ્ટ્રીય ઉદ્યાનના ઇનચાર્જ નાયબ વન સંરક્ષકશ્રીએ અધિકૃત કરેલ નકશો. | | | | |